# ઉત્તર ગુજરાત વિજ કંપનીના બિલમાં થતા વારંવારના ધાંધિયા સામે પ્રાંતિજ શહેરમાં ભારે રોષ

## સિકયોરિટી ડિપોઝીટ પેટે બીલમાં એકસ્ટ્રા રકમ આવતા ગ્રાહકો ચમકયા

ગાંધીનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ઉત્તર ગુજરાત વિજ કંપનીના વીજ બીલોમાં બીલ પ્રમાણે બીજી એકસ્ટ્રા રકમ સિકયોરીટીના નામે આવતા ઉત્તર ગુજરાત વિજ કંપની ઉપર લોકોનો આક્રોશ જોવા મળ્યો હતો. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના ઘણા બધા ગામડાઓમાં પણ વિજ બીલ વધારે આવતા લોકોમાં ઘણો જ રોષ જોવા મળતો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાંતિજ ઉત્તર ગુજરાત વિજ કંપનીના વિજ ગ્રાહકોને વીજ બીલમાં આ વખતે આપવામાં આવેલ વધારે બિલ જોતા જ વિજ ગ્રાહકો ને બિલ જોતા ચકકર આવી ગયા હતા. આથી તેઓ આ અંગે પ્રાંતિજ ઉત્તર ગુજરાત વિજ કંપની ઓફિસ ખાતે દોડી આવ્યા હતા. જયાં તેમને ઓફિસમાંથી કહેવામાં આવ્યું કે આ તો તમારે બીલ ભરવું પડશે નહીં તો વીજ જોડાણ કપાઈ જશે. જયારે અમુક વિજ ગ્રાહકો હિંમતનગર આવેલ ઓફિસ સુધી લાંબા થઈ આવ્યા અને ઓફિસમાંથી તેમને સંતોષ ખાતર જવાબ આપવામાં આવ્યો કે તમે નહીં ભરો તો ચાલશે જયારે ગ્રાહકો પાછા બીલના નાણાં ભરવા માટે લાંબી લાઈનમાં ઉભા રહીને બીલ ભરવા આવ્યા અને પછી બીલ ભરવાનો નંબર આવતા બીલ બતાવનાર કેશીયર ડિપોઝીટ ભરવી પડશે અથવા તો અંદર સાહેબ પાસે જઈને લખાણ લાવો તે કહેતા બિલ ગ્રાહકોને પાછા મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો આવ્યો. એક તો લાઈનમાં ઉભા રહીને નંબર આવે છે અને પછી નંબર આવતા કેશીયર દ્વારા અંદર મોકલવામાં આવે છે. જયારે આ બાબતે કેશીયરની બારી ઉપર કે બાજુમાં બોર્ડ કે કોઈ લખાણ ન લગાવવામાં આવતા રોજના અનેક ગ્રાહકો પહેલા લાઈનમાં અને પછી નંબર આવતા અંદર જવાનો નંબર આવે છે જેથી અત્યારે વિજ કંપની દ્વારા વિજ ગ્રાહકોને ધરમ ધક્કા ખાવાનો વારો આવ્યો છે. જયારે ઓફિસના સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે સિકયોરીટીની ડિપોઝીટ તો ફરજીયાત ભરવી પડશે જયારે હિંમતનગરના અધિકારીઓના જવાબના કારણે હવે ગ્રાહકો કોની પાસે જાય તેવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે જયારે કોમર્શીયલ બીલમાં ગ્રાહકોએ ડીપોઝીટ ભરી હોવા છતાં તેમણે ડીપોઝીટ ઉપર આજ દીન સુધી વ્યાજ આપવામાં આવ્યું નથી તો આ અત્યારે કહેવાતા મુજબ ૯ ટકા વ્યાજ આપવાનું વિજ ગ્રાહકો ખાલી ખાલી બાકિત ગાઈ રહ્યા છે. જયારે ઉત્તર ગુજરાત વિજ કંપનીના અધિકારી ઉપાધ્યાય સાથે ફોન ઉપર વાત કરતા તેમણે જણાવ્યું હતું કે આ ઓર્ડર ઉપરથી જ જાહેર થયેલ છે અને દરેક ગ્રાહકોએ સિકયોરીટી ડિપોઝીટ તો ફરજીયાત ભરવી જ પડશે અને હવે દર વર્ષે લાઈટબીલના વપરાશ ઉપર વીજ સિકયોરીટી ડિપોઝીટ ભરવાનો વારો આવશે અને તેની સામે ગ્રાહકોને ૯ ટકા સુધીનું વ્યાજ પણ વર્ષે મળશે જે હોય તે પણ એકદમ સિકયોરીટી ડિપોઝીટ ભરવામાં આવતા વીજ ગ્રાહકોમાં અસંતોષ જોવા મળ્યો છે અને નાના વેપારી કે નાના વેપારી કે નાના કુટુંબોમાં તો ૧૦૦ રૂપિયા બીલ આવે તો પણ ભારે તકલીફ પડતી હોય છે અને ઉપરથી સિકયોરીટી ડિપોઝીટ બીલ સાથે ભરવાની આવે તો પૈસા લાવવા કયાંથી એ પ્રશ્નથી ગ્રાહકો મુંઝાઈ રહ્યા છે. પણ અત્યારે તો ઉત્તર ગુજરાત વીજ કંપની વિજ ગ્રાહકો પાસેથી નવીન કિમીયા તરીકે વીજ બીલમાં સિકયોરીટી રકમ સાથે આવતા વીજ ગ્રાહકોમાં બિલને લઈને બીલ નહીં ભરવું અને આંદોલન સુધીનો માર્ગ અપનાવવા જઈ રહ્યા છે.



ડીસા શહેરના રીસાલા વિસ્તારમાં ગુરૂવારની મેઘલી રાત્રે ત્રાટકેલા અજાણ્યા શખ્સોએ ઉમા ટ્રેડીંગ કંું.નામની દુકાનના તાળા તોડી અંદર પડેલ ૩૬૦૦ કિ.ગ્રા. ચા પત્તી અને રૂા. ૧૫૦૦ રોકડની ચોરી કરી લઈ ગયેલ છે. ડીસા શહેરના રીસાલા વિસ્તારમાં મહાદેવના મંદિર પાસે દિલીપભાઈ પીભરતિયાની ઊંઝા ટ્રેડીંગ કંું. નામે દુકાન આવેલી છે જ્યા ગુરૂવારની રાત્રે ત્રાટકેલા અજાણ્યા ઈસમોએ દુકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી દુકાનમાં પડેલ ચા પત્તીના કટ્ટામાંથી ૩૬૦૦ કિ.ગ્રા. ચા પત્તી કુલ ૩૭ કટ્ટા (૩૦ કિલોનું ૧૫ પેકેટ) તેમજ રૂા. ૧૫૦૦ રોકડા મળી કુલ રૂા.૧.૭૫ લાખની માલમતા ઉઠાવી ફરાર થઈ ગયા હોવાની ઘટના સવારે દિલીપભાઈ ભરતિયા દુકાનો આવતા પ્રકાશમાં આવી હતી. જો કે સમગ્ર મામલો આંતરિક હોવાથી પોલીસ ફરિયાદ લીધેલ નથી અને અંદરખાને તપાસ કરવા સુચન કરેલ આથી દુકાન માલીક દિલીપભાઈ ભરતિયા અને તેમના માણસોએ પુછતાછ હાથ ધરી તપાસ શરૂ કરી હતી.

# ખેડબ્રહ્મામાં મોડી રાત્રે અજાણી કારની ટકકરે એક બાઈકચાલકનું મોત

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્મામાં ગત રવિવારના રોજ એક અજાણ્યા કાર ચાલકે ગફલતભરી રીતે કાર ચલાવી એક મોટર સાયકલને ટકકર મારતા મોટર સાયકલ સહિત બે ઈસમોને ઈજાઓ પહોંચી હતી. જેમાં એક ઈસમનું અમદાવાદની હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજવા સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવા પામી છે.

આ અંગે ગત રવિવાર સાંજે ૭.૩૦ વાગ્યાના સુમારે લક્ષ્મીપુરા રોડ ઉપર અલટોકાર નં. જીજે-૯ એ જી ૭૬૦૬ના ચાલકે પોતાના કબજાની કાર ગફલતભરી રીતે ચલાવી સામેથી સળગતી મોટર સાયકલ નંબર જીજે-૯ એ.સી.૧૮૬૬ને ટકકર મારી હતી જેથી મોટર સાયકલ ઉપર બેઠેલા રમેશભાઈ વણઝારા તથા પંચાલ મહેન્દ્રભાઈ બાબુભાઈ રહે. ખેડબ્રહ્માને ઈજાઓ પહોંચી હતી. જેમાં રમેશભાઈ વણઝારાને માથાના ભાગે તથા ડાબા પગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં રમેશભાઈનું મોત નિપજયું હતું. આ અંગે મોહનભાઈ વણઝારાએ મોડી રાત્રે અજાણ્યા કાર ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્દિરાનગરનો દારૂનો અડ્ડો બંધ કરાવવા રહીશોએ બાંયો ચઢાવી

### મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં રજુઆત થતાં પોલીસ હરકતમાં આવી : રેડ કરી એક મહીલા બુટલેગરની ધરપકડ : ઈડરના ડીવાયએસપીએ દારૂના અડ્ડા અંગે મૌન સાધ્યું

ખેડબ્રહ્મા, તા. ૨

ખેડબ્રહ્માના ઈન્દિરાનગરમાં દારૂની બદીએ માઝા મુકતા અને દારૂડીયાઓની હરકતોથી વાજ આવી જતાં દૂધની જેમ વેચાતા દારૂના અડ્ડા બંધ કરાવવા આ વિસ્તારના રહીશોએ મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં લેખિત રજુઆત કરી છે અને દારૂના અડ્ડા બંધ ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે.

ખેડબ્રહ્માના ઈન્દિરાનગરના ભરતભાઈ મોહનભાઈ વસાવા, રાજેશભાઈ જીતુભાઈ વસાવા, ભાવનાબેન ભાવેશનાથ મદારી, દિપકભાઈ સવજીભાઈ ચારણ અને ગંગાબેન અમરાજી કટીક સહીત અન્ય રહીશોએ ૧૭ જુલાઈના રોજ ઈન્દિરાનગરમાં ચાલતો દારૂનો અડ્ડો બંધ કરાવવા મામલતદારનો દરવાજો ખટખટાવ્યો હતો. આ વિસ્તારમાં વસાવા નવનીતભાઈ છનાભાઈ તથા લાલાભાઈ તલાભાઈ છડેચોક દૂધનો વેપાર કરતા હોય તેમ દારૂનુ વેચાણ કરે છે. આ વિસ્તારમાં દારૂડીયાઓની હરકતોથી રહીશો ત્રાહીમામ પોકારી ગયા છે. રાત્રીના આઠ વાગ્યા પછી દારૂડીયાઓના ત્રાસથી મહીલાઓ ઘરની બહાર નીકળી શકતી નથી અને બાળકોનું ભવિષ્ય જોખમમાં મુકાવાની શકયતાઓ છે. ૧૭ જુલાઈની રજુઆતના પગલે દારૂનો અડ્ડો બંધ કરાવવા ૨૪ જુલાઈના રોજ મામલતદારે સુચના આપી હતી પણ આ અંગે કોઈ કાર્યવાહી ન થતાં ૨૯ જુલાઈના રોજ મુખ્યમંત્રીના સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરી છે અને આ અંગેની જાણ કલેકટર સહીત અન્ય અધિકારીઓને કરી છે. આ દારૂનો અડ્ડો બંધ નહી થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ઈન્દિરાનગરના દારૂના અડ્ડા અંગે ઈડરના ડીવાયએસપી એ.ડી. ચૌધરીએ ફોન ઉપર વાત કરવાની ના પાડી હતી અને જણાવ્યું હતું કે તમે પત્રકાર બોલો છો તે હું કેવી રીતે માની લઉ ફોન કર્યા પછી રોંગ નંબર હોવાનું કહી વાત કરનારા ફરી જતા હોય છે તેમ કહી દારૂના અડ્ડા અંગે કંઈ પણ ના કહી હાથ અધ્ધર કરી દીધા હતા.

ખેડબ્રહ્મા પી.એસ.આઈ. ડી.ડી. ચાવડાએ જણાવ્યુ ંહતુ ંકે દારૂના અડ્ડા ઉપર રેડ પાડવામાં આવી છે અને મહીલા બુટલેગર મંજુલાબેન વસાવાની ધરપકડ કરવામાં આવી છે. ઈન્દિરાનગરના બંન્ને બુટલેગર રેડ પડતાં ફરાર થઈ ગયા હતા અને દારૂના અડ્ડાઓ ઉપર રેડની કાર્યવાહી શરૂ રહેશ.



# અર્બુદા કેળવણી મંડળના ઉપક્રમે કાંટ ગામેથી રથયાત્રાનું પ્રસ્થાન થશે

પાલનપુર, તા. ૨

બનાસકાંઠા જિલ્લામાં સ્થિત અર્બુદા કેળવણી મંડળ રૈયાના ઉપક્રમે આવતીકાલ તા. ૪ઓગષ્ટના રોજ કન્યા કેળવણી સંકુલના નિર્માણ માટે કાંટ ગામેથી રથ પરિભ્રમણ અને પ્રસ્થાનનો ભવ્ય કાર્યક્રમ યોજાશે.

બનાસકાંઠા જિલ્લાનાં કાંકરેજી, હિંદવાણી અને ડીસાવળ પરગણાના આંજણા ચૌધરી સમાજની કન્યાઓને ઉચ્ચ શિક્ષણ મળી રહે તે હેતુથી દિયોદરના રૈયા સ્થિત કન્યા કેળવણી સંકુલના નિર્માણ માટે આવતીકાલ તા. ૪થી ઓગષ્ટ ૨૦૧૩થી ડીસા તાલુકાના કાંટ ગામેથી માઉન્ટ આબુ મંદિરથી જયોત લાવી ત્રણેય પરગણાના ગામોમાં માં અર્બુદાનો કન્યા કેળવણી રથ ફેરવવાનું ભવ્ય આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ રથયાત્રાના આયોજનમાં બનાસકાંઠાના સહકારી અગ્રણી અણદાભાઈ પટેલ (થરા) તેમજ તેમના સહયોગીઓ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભારતીય કિસાન સંઘ દ્વારા કાંકણોલમાં મહિલા સંમેલન યોજાયું

હિંમતનગર, તા. ૨

હિંમતનગર પાસેના કાંકણોલ ખાતે જિલ્લાની ૧૫૦૦ જેટલી મહિલાઓએ ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા આયોજિત મહિલા સમંલેનમાં હાજરી આપી હતી. પૂ. નરસિંહ બાવજી આશ્રમ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. ૧૩ સપ્ટેમ્બરના રોજ દિલ્હી ખાતે ભારતીય કિસાન સંઘ દ્વારા વિરાટ કિસાન શક્તિ પ્રદર્શન કાર્યક્રમ રામલીલા મેદાન ખાતે યોજેલ છે. દેશભરમાંથી લાખોની સંખ્યામાં મહિલા કિસાનો ઉપસ્થિત રહેશે. કેન્દ્ર સરકારની કૃષિ વિરોધી નીતિઓ અંગે અવાજ ઉઠાવીને વડાપ્રધાનને આવેદનપત્ર અપાશે. દેશ કે સબ ભંડાર ભરેગે લેકિન કિંમત પૂરી લેગે. ના સૂત્ર સાથએ આ સમેલન યોજાશે.

દિલ્હી રેલીમાં જવાના કાર્યક્રમના ભાગરૂપે આ સંમેલન યોજાયું હતું. દૂધના પોષણ ક્ષમ ભાવો, કૃષિ પાકોના ભાવો, વગેરે માટે રેલી યોજાય છે. કાર્યક્રમમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ ચંદ્રિકાબેન લેજાલીયા, ઉર્મિલાબેન લીંબાણી, મધુબેન પાલેયા, કૃપાબેન તલોદ, પ્રફુલ્લ સેજલીયા વગેરે હાજર રહ્યા હતા.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૫૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૨ |
| ઘઉં | ૩૦૪ | ૩૪૦ |
| બાજરી | ૨૧૧ | ૨૯૫ |
| ગવાર | ૬૦૦ | ૯૬૬ |

### સલાલ

| | | |
|---|---|---|
| મગફળી | ૭૦૦ | ૮૨૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૫૦ |
| બાજરી | ૨૦૫ | ૨૬૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૫ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |

### પ્રાંતિજ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૭૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૬૦ |
| ડાંગર ગુજ | ૩૨૦ | ૩૪૦ |
| ડાંગર જ્યા | ૨૯૫ | ૩૧૬ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૬૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૫ |
| ગવાર | ૮૫૦ | ૯૧૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૦૪ | ૩૧૫ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૩૦ |
| મકાઈ | ૨૭૫ | ૨૮૦ |
| એરંડા | ૬૩૦ | ૬૩૬ |

### મોડાસા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૮ |
| બાજરી | ૨૩૫ | ૨૫૩ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૯ |
| ઘઉં | ૩૦૦ | ૩૧૬ |
| મગફળી | ૬૦૦ | ૭૫૦ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૫ | ૨૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૩ |
| ડાંગર | ૨૭૦ | ૨૯૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૫ |
| ગવાર | ૭૫૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૫૫ | ૩૦૦ |
| તુવેર | ૫૨૫ | ૬૦૦ |
| જુવાર | ૨૮૦ | ૩૭૦ |
| રાયડો | ૫૪૦ | ૫૭૫ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ઘઉં | ૩૦૩ | ૩૧૮ |
| ડાંગર | ૨૬૮ | ૨૮૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૦ |
| ગવાર | ૭૨૫ | ૭૭૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| તુવેર | ૫૧૫ | ૫૮૫ |
| જુવાર | ૨૬૦ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૬૫ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૧૬ |
| એરંડા | ૬૬૫ | ૬૮૩ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૬ |
| બાજરી | ૨૧૦ | ૨૬૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૫ |
| ગવાર | ૭૫૦ | ૯૫૦ |

### ઈડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૩૪૯ |
| મકાઈ | ૩૦૦ | ૩૨૪ |
| એરંડા | ૬૭૦ | ૬૭૯ |
| બાજરી | ૨૫૦ | ૨૬૦ |
| મગફળી | ૬૮૦ | ૮૨૨ |
| ગવાર | ૮૫૦ | ૯૦૮ |
| સોયાબીન | ૫૮૦ | ૫૯૫ |

### કડી

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૯ | ૩૧૭ |
| ગવાર | ૯૫૯ | ૯૯૪ |
| એરંડા | ૬૭૦ | ૬૭૫ |

### પાલનપુર

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૭૧ |
| બાજરી | ૨૦૧ | ૨૭૫ |
| એરંડા | ૬૬૫ | ૬૭૮ |
| રાયડો | ૫૮૫ | ૬૦૦ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૧૫૦ |
| મગફળી | ૪૫૦ | ૮૩૪ |
| મકાઈ | ૨૮૦ | ૩૦૦ |
| ગવાર | ૫૮૧ | ૧૦૦૦ |
| જવ | ૨૬૦ | ૨૬૫ |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાયડો | ૫૯૦ | ૬૦૧ |
| એરંડા | ૬૫૦ | ૬૯૨ |
| ગવાર | ૪૦૬ | ૯૬૨ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૫ |
| બાજરી | ૧૭૦ | ૨૭૫ |
| જુવાર | ૪૬૫ | ૫૧૫ |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૪૪ |
| બાજરી | ૧૮૦ | ૩૦૦ |
| રાયડો | ૫૬૦ | ૫૯૫ |
| એરંડા | ૫૬૮ | ૬૮૫ |
| જુવાર | ૨૭૦ | ૪૭૩ |
| ગવાર | ૫૨૧ | ૯૪૯ |
| રજકાના બી | ૧૩૦૦ | ૨૬૫૧ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૯ |
| જીરૂ | ૨૨૪૧ | ૨૪૦૧ |
| રાયડો | ૫૭૦ | ૫૮૬ |
| બાજરી | ૨૩૪ | ૨૯૦ |
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| ગવાર | ૯૬૭ | - |
| રજકાબી | ૨૪૦૦ | ૨૯૦૦ |

### આંબલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૬ | ૩૦૩ |
| બાજરી | ૨૧૫ | ૨૬૫ |
| રાયડો | ૫૭૫ | - |
| એરંડા | ૬૬૫ | ૬૬૮ |
| ગવાર | ૯૨૦ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| રાયડો | ૫૬૦ | ૫૮૧ |
| એરંડા | ૬૫૦ | ૬૭૮ |
| સાસટો | ૨૭૦ | ૩૦૪ |
| બાજરી | ૨૧૦ | ૩૭૧ |
| ગવાર | ૭૫૦ | ૧૦૦૦ |
| અડદ | ૪૦૦ | ૬૧૦ |
| ચણા | ૫૦૦ | ૬૦૬ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૦૦ |
| સવા | ૬૦૦ | ૬૫૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| બંટી | ૩૫૧ | - |
| રાયડો | ૫૪૦ | ૬૧૨ |
| એરંડા | ૬૪૦ | ૬૭૯ |
| ઘઉં | ૨૯૫ | ૩૫૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૪ |
| જવ | ૨૬૧ | - |
| ગવાર | ૭૦૦ | ૯૪૧ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| અસાળીયો | ૫૨૧ | - |
| જીરૂ | ૨૦૧૮ | ૨૬૪૫ |
| વરીયાળી | ૧૦૧૫ | ૧૮૦૧ |
| ઈસબગુલ | ૧૨૫૦ | ૧૩૬૧ |
| સરસવ | ૬૬૧ | - |
| રાયડો | ૫૮૦ | ૬૨૧ |
| તલ | ૧૭૬૧ | ૨૧૧૧ |

## ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

| શાકભાજી | ઓછો ભાવ | વધુ ભાવ |
|---|---|---|
| બટાટા પંજાબી | - | - |
| બટાટા દેશી | ૧૩૦ | ૨૨૦ |
| બટાટા ડીસા | ૧૭૦ | ૨૪૫ |
| ડુંગળી સૌરાષ્ટ્ર | ૪૦૦ | ૪૮૦ |
| ડુંગળી મહારાષ્ટ્ર | ૪૬૦ | ૫૪૦ |
| રીંગણ | ૪૦૦ | ૭૦૦ |
| રવૈયા | ૪૦૦ | ૯૦૦ |
| કોબીજ | ૨૪૦ | ૩૬૦ |
| ફુલાવર | ૨૦૦ | ૪૦૦ |
| ટામેટા પાકા | ૨૦૦ | ૪૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૮૦ |
| કાકડી | ૧૪૦ | ૮૦૦ |
| ગીલોડા | ૫૦૦ | ૧૦૦૦ |
| મરચાં દેશી | ૨૦૦ | ૫૦૦ |
| લીંબુ | ૧૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| બીટ | ૨૮૦ | ૩૬૦ |
| ગાજર | ૧૬૦ | ૩૦૦ |
| મરચા ધોલાર | ૫૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૩૦૦ | ૬૦૦ |
| કારેલા | ૩૦૦ | ૬૦૦ |
| ભીંડા | ૪૦૦ | ૮૦૦ |
| ગવાર | ૭૦૦ | ૧૨૦૦ |
| ચોળી | ૫૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૯૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601